## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




# ગાંધીનગરના બોરીસણા ગામે ૩૨ વર્ષીય યુવકનો આપઘાત

ગાંધીનગર,તા.૨૧

ગાંધીનગરના કલોલના બોરીસણા ગામે ૩૨ વર્ષિય યુવકે ગળેફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હતી. યુવકે બેડરૂમમાં પંખા સાથે સાડી બાંધી આપઘાત કરતા ચકચાર મચી જવા પામી છે. જો કે છેલ્લા છ માસથી યુવકની પત્ની સામાજીક કારણોસર પિયર જતા રહેતા યુવકે પત્નીના વિરહમાં આપઘાત કર્યો હોવાનું ચર્ચાઈ રહ્યું હતું. જયારે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કલોલના બોરીસણા ગામમાં શિવશકિત રેસીડેન્સી ખાતે રહેતા અરવિંદભાઈ ગજજરને પરિવારમાં બે દિકરાછે. જે પૈકી ૩૨ વર્ષિય દિકરા જૈમિન ખાત્રજની રત્નમણી નામની ખાનગી કંપનીમાં ફરજ બજાવતો હતો.તે ઉપરાંત તે હેવમોર પાર્લર ખાતે પણ કામકરતો હતો. કલોલ ગુજરાત હાઉસીંગ બોર્ડ સોસાયટીમાં રહેતા છનાભાઈ ચાવડાની ૩૬ વર્ષિય દીકરી દિનાબા સાથે પ્રેમસંબંધ હતો.જેથી બંન્નેએ ૨૦૨૧ માં અંતમાં પ્રેમલગ્ન કરી લીધા હતા. લગ્ન બાદ દિનાબા સાસરીમાં રહેવા માટે આવ્યા હતા.

થોડા સમય બાદ દંપતિ વચ્ચે સામાન્ય બાબતે માથાકુટ થતી હતી. બાદમાં છ મહિના અગાઉ દિના બા પતિ જૈમિનને છોડીને પિયરમાં રહેવા માટે જતા રહ્યા હતા જેથી તે નાસીપાસ થઈ ગયો હતો.જયારે ગત શનિવારના રોજ જૈમિન નોકરી ઉપર ગયો હતો અને મોડી રાત્રે ઘરે આવ્યો હતો. ત્યારબાદ ઘરના બેડરૂમમાં જઈને પંખા સાથે માતાની સાડી બાંધીને ગળેફાંસો ખાઈ લેતા હોહા મચી જવા પામી હતી. થોડા સમયબાદ યુવકની માતા એ દરવાજા ખખડાવ્યા છતા કોઈ જવાબ મળ્યો ન હતો.

જેથી પરિવારના સભ્યોએ દરવાજો ધક્કો મારી ખોલી નાંખ્યો હતો. જયાં અંદરનું દર્શ્ય જોઈ તેઓ બધા ચોંકી ઉઠ્યા હતા. બનાવની જાણ થતા કલોલ તાલુકા પોલીસ મથકના સ્ટાફના જવાનો ઘટના સ્થળે દોડી પહોંચીને તપાસ શરુ કરી હતી.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાં હાલ કેરીના બજારમાં ઘરાકી જામેલી છે.

● ગાંધીનગર શહેરમાં ગરમીને કારણે સાંજે શેરડીના કોલાઓ પર ગ્રાહકોની ભીડ જોવા મળે છે.

● શહેરમાં અખાદ્ય ચીજોના વધેલા વેપલા સામે ખોરાક ઔષધ નિયમન તંત્રના ઉદાસીન વલણને લઈ નગરજનોમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

● કુડાસણની સમન્વય રેસીડેન્સીમાં બાળકો માટે સાંજે ૬ થી ૭ ના ચિત્રકામ શીખવાના વર્ગ શરૂ કરાયા છે.

● એડીસી બેંક અને સ્ટેટ કો.ઓ. બેંકના સહયોગથી રેડક્રોસ સોસાયટી દ્વારા ઘ-૫ ખાતે આજે બપોરે ૧૨ વાગે નિઃ શુલ્ક છાશનું વિતરણ કેન્દ્ર શરૂ થશે.

● ખાત્રજમાં વૃદ્ધને છેતરીને જમીન આંચકતા લેન્ડગ્રેબિંગનો ગુનો દાખલ થયો.

● કલોલના સબાલપુર ગામે વ્યાજખોરોનો ત્રાસ યુવાનને અવારનવાર ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાઈ.

● સે. ૫ માં સિનીયર સિટીઝન સેવા મંડળ દ્વારા સન્માન કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

● સે. ૨૩ ખાતે ખાનગી હોસ્પિટલ તથા લીયોનેસ કલબના સંયુક્ત ઉપક્રમે પીવાના પાણીની પરબનો પ્રારંભ કરાયો.

● જી.આર.ડી.ના જવાનોને વેતન ન ચુકવાતાં આ જવાનોને જીવન નિર્વાહના પ્રશ્નો ઉભા થયા છે.

● જલિયાણા સેવા ગૃપ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સેવ-મમરા અને બિસ્કીટનું વિતરણ શનિશ્વર જયંતિને લઈ કરાયુ હતુ.

● સે. ૨ ખાતે શનેશ્વર જન્મોત્સવની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી.

● સે. ૨૪ ખાતે સ્ટેપ અપ સમર કેમ્પનું આયોજન સફળ રહ્યું.

● સે. ૨૨ સ્થિત સ્વામિનારાયણ પોલીટેકનીકમાં પ્રોજેક્ટ ફેરનું આયોજન કરાયુ હતુ.

● ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારને એસ.ટી.ની સુવિધા આપવાની માંગ ઉઠવા પામી છે.

● ગાંધીનગર શહેરમાં ૫૩૦૦ મી લાંબી સેક્ટરોની કમ્પાઉન્ડ વોલ બંધાશે.

● પેથાપુરમાં ૧૫ એમ.એલ.ડી.નો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવશે.

● ગાંધીનગર શહેરમાં ગરમીના પ્રકોપને લઈ આજે ઘરમાં રહી લોકોએ આઈપીએલ મેચની મજા પાણી હતી.

# ધોરણ-૬માં અભ્યાસ કરતો વિદ્યાર્થી ગુમ

## પિતાએ અપહરણની ફરીયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર નજીક પેથાપુરમાં છેલ્લા ચાર દિવસ થી ધોરણ -૬ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી ગુમ થઈ જતા તેના પિતાએ અપહરણની ફરીયાદ નોંધાવતા પોલીસે વિદ્યાર્થીને શોધવા કવાયત શરુ કરી છે.

મળતી વિગત મુજબ પેથાપુરમાં રહેતા દંપતિને એક દિકરો અને દિકરી છે. જયારે વિદ્યાર્થીના પિતા રીક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે.જયારે ૧૨ વર્ષિય દિકરો ધોરણ-૬માં અભ્યાસ કરતો હતો. ગત તા.૧૮ ના રોજ વિદ્યાર્થીના પિતા રાત્રે ઘરે પહોચ્યા હતા અને સુઈ ગયા હતા. ત્યારે દસ વાગ્યાના અરસામાં વિદ્યાથીના માતાએ તેના પિતાને જગાડીને કહ્યું કે દિકરા-દિકરીને ચા નાસ્તો કરાવી દિકરીને લઈ બજારમાં સાબુ લેવા માટે ગયા હતા.

તે સમયે દિકરો ઘરમાં હતો. જયારે બજારમાંથી પરત આવીને ઘરે જોયુ તો દિકરો ન હતો. જેથી દંપતિએ દિકરાની શોધખોળ કરી હતી. પરંતુ તેની કોઈ ભાળ મળી ન હતી.

ત્યારબાદ ગાંધીનગરના બોરીજ, આદીવાડા સહિતના સ્થળો પર તપાસ કરી હતી. તેમ છતા આજદીન સુધી દિકરા અંગે કોઈ ભાળ ન મળતા તેના પિતાએ દિકરાના અપહરણ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

# વલાદ ગામે બાજી માંડીને બેઠેલા પાંચ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના વલાદ વજાપુરા સ્થિત આરસીસી રોડ પર લીમડાના ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં બાજી માંડીને કુંડાળુ વળી બેઠેલા પાંચ જુગારીઓને પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે પાંચ જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળી કુલ રૂ.૧૩,૭૬૦ નો મુદ્દામાલ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે વજાપુરા ગામે આવતા બાતમી મળી હતી કે નવાનગર તાબે વજાપુરા ખાતે આવેલી આરસીસી રોડ પર લીમડાના ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમે છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ દરોડો પાડતા જુગારીઓમાં દોડાદોડી થઈ ગઈ હતી. જો કે પોલીસે તમામને કોર્ડન કરી પકડી પાડ્યા હતા.

પોલીસે જુગારીઓના નામ પુછતા વજાપુરા ગામના ૨૬ વર્ષિય અલ્પેશસિંહ રામાજી ઠાકોર, ગામના ૩૮ વર્ષિય જવાનજી પોપટજી ઠાકોર,૪૦ વર્ષના મહોબતસિંહ રતનસિંહ ઠાકોર, ૩૫ વર્ષના રમેશજી નવીનજી ઠાકોર, વિષ્ણુ જી ફુલાજી ઠાકોર હોવાનું જણાવ્યું હતું.

પોલીસને જુગારીઓના દાવ પરથી રોકડા રૂ.૨૬૩૦ તેમજ અંગજડતી દરમિયાન રોકડ રૂ.૧૧,૧૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસો તમામ સામે જુગારધારાનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



નવજાત બાળકોને અલગ-અલગ કપડા પહેરાવી તેમજ લૂક ક્રિએટ કરીને ફોટોશૂટ કરાવવાનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. ત્યારે આ ઉનાળાની મોસમને ધ્યાને રાખીને ગામીત દંપતીએ તેમની છ વર્ષની બાળકી માટે સુંદર મજાનું ફોટોશૂટ કરાવ્યું છે. જેમાં કુદરતી વાતાવરણ સાથે જ ગરમીથી બચવા શું કરવું એ દર્સાવવામાં આવ્યું છે. જ્યાં નારિયેળનું ઝાડ, નારિયેળ, તળાવમાં માછલીઓ, કરચલા, સનગ્લાસ, સનસ્ક્રીન લોસન ક્રીમ, સૂર્ય સહિતની વસ્તુઓ રાખીને ગરમીથી બચવાનો સંદેશ આપ્યો છે.

# છત્રાલ પાસે ઈકો કારમાંથી ચોરી કરનાર પૈકી એક ડફેર ઝડપાયો

ગાંધીનગર, તા.૨૧

કલોલ-છત્રાલ હાઈ વે પર આજથી દશ દિવસ પહેલા ઈકો ગાડીમાંથી સોનાના દાગીના, રોકડ અને મોબાઈલ ફોનની ચોરી કરનાર શખ્સો પૈકી એક આરોપીને પોલીસે પકડી પાડી ગુનાનો ભેદ ઉકેલી દીધો છે. પોલીસે ચોરીના ઉપયોગમાં લીધેલી ગાડી, રોકડ તેમજ મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧.૨૨ લાખ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




સુત્રો દ્વારા મળતી વિગત મુજબ બનાસકાંઠાના દાંતીવાડા તાલુકાના ડેરી ગામના મહેન્દ્રસિંહ જયસિંહજી દીયા તેમના કૌટુંબીક ભાઈ પરબતસિંહના દિકરા કાનસિંહના લગ્નની જાનમાં જવા માટે ગત તા.૮ મેના રોજ સવારે ગામના નરપતસિંહની ઈકો ગાડીમાં ઉમરેઠ જવા નીકળ્યા હતા. તે સમયે તેમની સાથે પરિવારના ભાઈ હકસિંહ રતનસિંહની દિકરી ઉષાબા, રેખાબા, તેમજ ફિલાબા, તેમજ પરબતસિંહ હેમસિંહ દિયા પણ સાથે હતા. ઉમરેઠ પહોંચી લગ્ન વિધી બાદ ઈકો ગાડીમાં બેસી ઘરે પરત જવા રવાના થયા હતા.ત્યારે રાત્રીના દોઢ વાગ્યાના અરસામાં કલોલ થી છત્રાલ હાઈ વે પર ઈકો ને પંકચર પડ્યું હતું. ત્યારે ઉષાબાએ પહેરેલ ટીકો, ડોકીયું, કાઢીને પર્સમાં મુકી દીધુ હતું. ગાડીનો ડ્રાઈવર પંકચર કરવા માટે ટાયર લઈને ગયો હતો. તે સમયે ઉંઘ આવી જતા બધા ઈકોમાં ગાડીમાં સુઈ ગયા હતા. તેનો લાભ ઉઠાવી ઈકોમાંથી ચોર શખ્સો ૧૨ હજાર રોકડા, સોનાનો અડધા તોલાનો ટીકો, બે તોલાનું ડોકીયુ, મોબાઈલ અને પર્સ સીટ કવરમાંથી ચોરીને પલાયન થઈ ગયા હતા. બનાવ અંગે કલોલ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

એલસીબીની ટીમના મુકેશસિંહ અને જયદિપસિંહને બાતમી મળી હતી કે આ ગુનાને અંજામ આપનાર મહેસાણાની ડફેર ટોળકી હતી. જેથી પગલે તેઓએ હનીફબાબુ સિંધી (ડફેર હાલ રહે મંડાલી પંચાયતની ઓરડીસામે ) ને વેગનઆર કાર સાથે બિલેશ્વરપુરા પાટીયા થી પકડી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી રૂ.૧૨ હજાર રોકડા, બે મોબાઈલ ફોન, તેમજ કાર મળી કુલ રૂ.૧.૨૨ લાખનો મુદ્દામાલ મળી આવ્યો હતો. હનીફે તેના કૌટુંબીક સાળા ગગુર કાસમ સિંધી અને ઈબ્રાઈમ મુબારકભાઈ સિંધી(રહે લશ્કરી કુવા મહેસાણા) છત્રાલ રોડ પર પાર્ક કરેલી ઈકો ગાડીમાંથી ચોરીને અંજામ આપ્યો હતો.

# વાવોલમાં એકદિવસીય કોમન યોગ પ્રોટોકોલ શિબિર યોજાઈ

### વાવોલના યોગ ટ્રેનર સચિન પટેલના જન્મદિન નિમિત્તે વિશેષ આયોજન કરાયું

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર મહાનગર પલિકા વિસ્તારના વાવોલમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ સાથે સંલગ્ન યોગ ટ્રેનર સચિનભાઈ પટેલના જન્મદિવસ નિમિતે તા.૨૦ મે, શનિવારે સવારે દેવ ઈન્ટરનેશનલ સ્કુલમાં એકદિવસીય કોમન યોગ પ્રોટોકોલ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. યોગ શિબિરના શુભારંભ સમારોહમાં મુખ્ય મેહમાન પદે વાવોલના બ્રહ્માકુમારી કેન્દ્રના સંચાલિકા બીકે હંસાદીદી, સ્થાનિક કોર્પોરેટર શૈલેષભાઈ પટેલ, શહેરના સરદાર પટેલ સેવા સમાજના મંત્રી ગિરીશ પટેલ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અશોકભાઈ કુશવાહા વગેરેના હસ્તે દીપ પ્રાગટ્ય કરાયું હતું. યોગ શબિરમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગાંધીનગર મહાનગર વિસ્તારના યોગ કોઓર્ડીનેટર ભાવનાબેન જોશીના માર્ગદર્શનમાં યોગ કોચ યોગેશ જન્સારી અને યોગ કોચ



આશાબેન મહેતા સહિત વાવોલ યોગ ગૃપના યોગ ટ્રેનરોએ યોગાર્થીઓને યોગ કોમન પ્રોટોકોલની પ્રેક્ટિસ કરાવી હતી. યોગ શબિરમાં મોટી સંખ્યામાં વાવોલ વિસ્તારના યોગાર્થીઓ અને વિદ્યાર્થીઓ જોડાયાં હતાં. આ યોગ શિબિર માટે વાવોલ યોગા ટીમના પ્રિયાબેન પટેલ, હેતલબેન સુથાર, કલ્પનાબેન પટેલ, ફાલ્ગુનીબેન પટેલ, પિનલબેન પટેલ, શ્વેતા પટેલ, ખીમજી પરમાર, પારૂલબેન ત્રિવેદી, પૂનમબેન ગજ્જર, મૈતાલીબેન પટેલ, ભાવનાબેન રામી, મુકેશભાઈ સુથાર, શૈલેષભાઈ પટેલ વગેરેનો સાથ અને સહકાર પ્રાપ્ત થયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે યોગ ટ્રેનર સચિનભાઈ પટેલે હેપ્પી યુથ ક્લબની "હેપ્પી યોગ શિબિર"માં યોગ અંગે પ્રાથમિક જ્ઞાન મેળવ્યાં બાદ યોગ-પ્રાણાયામ વગેરેમાં રસ પડતાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડની તાલીમ મેળવીને યોગ કોઓર્ડિનેટર ભાવનાબેન જોશીના માર્ગદર્શનમાં યોગ ટ્રેનરની ટ્રેનિંગ મેળવી પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યુ હતું અને તેઓ વાવોલ વિસ્તારમાં અવારનવાર નિઃશુલ્ક યોગ શિબિર યોજીને નાગરિકોને યોગ-પ્રાણાયામની સેવા આપી રહ્યાં છે.

# ગુજરાતમાં કેસર તો મહારાષ્ટ્રમાં આફૂસની ધૂમ

### ઉનાળો જામ્યો છે ત્યારે દેશના વિવિધ ભાગોમાં અલગ-અલગ પ્રકારની કેરીઓનો સ્વાદ સૌ કોઈ માણી રહ્યા છે : ભારતમાં કેરીની દસ ઉપરાંત જાતો લોકપ્રિય

ગાંધીનગર, તા. ૨૧

આપણે મન કેરી એટલે કેસર. રસઝરતી, મીઠી મધુરી અને સુગંધિત તલાલા અને કચ્છની કેસર કેરી હાલમાં ધૂમ મચાવી રહી છે. જો કે કેસર કેરી એ તો ગુજરાતમાં લોકપ્રિય છે પરંતુ દેશના વિવિધ ભાગોમાં કેરીની દસથી વધુ જાતો સ્વાદ રસિકોના જીભે વળગી છે.

● ગુજરાતમાં કેસરની ધૂમ

કેરીની મોસમ પુરબહારમાં ખીલી છે. બજારમાં જ્યાં નજર કરો ત્યાં કેરીઓ જોવા મળી રહી છે. સ્વાદરસિકો કેરીનો રસ, કેરીના કટકા કે કેરીના જ્યુસ એમ વિવિધ સ્વરૂપે કેરીનો સ્વાદ માણી રહ્યા છે. આપણે ત્યાં હાલમાં કેસર કેરીની ધૂમ છે.


સૌરાષ્ટ્રના તલાલાની કેસર કેરી અને કચ્છની કેસર કેરી આપણે ત્યાં ખુબ લોકપ્રિય છે. કચ્છની કેસર હવે થોડાક દિવસમાં બજારોમાં આવી જશે.

● મહારાષ્ટ્રમાં આફૂસની બોલબાલા

ભારતમાં સૌથી વધુ જેની ચર્ચા થાય છે કે આલ્ફાસો એટલે કે આફૂસ માત્ર ભારતમાં જ નહી પરંતુ દેશ-વિદેશમાં લોકપ્રિય છે. મહારાષ્ટ્રના રત્નાગીરી વિસ્તારમાં સૌથી વધુ તેનુ ઉત્પાદન થાય છે. તેની અદ્ભૂત સુગંધ અને મધ મીઠા સ્વાદના કારણે તે સ્વાદરસિકોમાં ખૂબ લોકપ્રિય છે. વિદેશમાં તેનુ એક્સપોર્ટ મોટા પ્રમાણમાં થાય છે.

● ઉત્તરપ્રદેશમાં દશેરી કેરી સૌની પસંદ





ઉત્તરપ્રદેશમાં પણ ઉનાળા દરમ્યાન ખુબ કેરી ખવાય છે. પરંતુ અહી દશેરી કેરી લોકપ્રિય છે. લખનઉ પાસેના દશેરી ગામની આસપાસ તેનુ ઉત્પાદન થતુ હોય તે દશેરી તરીકે ઓળખાય છે. દશેરીને મલીહાબાદી કેરી તરીકે પણ ઓળખાય છે.

● બિહારમાં જર્દાલુ કેરી લોકપ્રિય

બિહારના ભાગલપુર વિસ્તારમાં થતી જર્દાલુ કેરી અબાલ-વૃદ્ધ સૌને પ્રિય છે. આ કેરીનો જાદુ એવો છે કે જે કોઈ તેને એકવાર આરોગે છે તે તેનો સ્વાદ ક્યારેય ભૂલતા નથી. જર્દાલુ કેરી મહાનુભાવોને ભેટ આપવા પણ ખુબ પસંદ કરાય છે. દેશમાં પધારતા અતિથિવિશેષને આ કેરીની સાંગાત અચૂક અપાય છે.

● કર્ણાટકમાં તોતાપુરી સૌને લલચાવે છે

કર્ણાટકની તોતાપુરી કેરીનો ખાટો-મીઠો સ્વાદ ઉનાળામાં સૌને દાઢે વળગે છે. તોતાપુરી કેરી કાચી હોય ત્યારે તેનો ઉપયોગ અથાણા બાવવા કરવામાં આવે છે. આ કેરીનો રંગ લીલો-પીળો અને તેનો દેખાવ તોતા(પોપટ)ની ચાંચ જેવો હોઈ તેનુ નામ તોતાપુરી પાડ્યુ છે. કર્ણાટક, આંધ્રપ્રદેશ અને તામિલનાડુ તેનુ મુખ્ય ઉત્પાદક છે.

● હિમાચલમાં ચૌસા કેરી લોકપ્રિય

ચૌસા કેરી ઉત્તરભારતની સૌથી મીઠી કેરી ગણાય છે. પીળા રંગ અને મીઠાસથી ભરપૂર આ કેરી હિમાચલ ઉપરાંત હરિયાણા અને રાજસ્થાનમાં પણ ખૂબ પ્રેમથી ખવાય છે.

● ગોવાની મનકુરદ કેરી સૌને પ્રિય

ગોવા અને તેની આસપાસના વિસ્તારમાં ઉનાળામાં મનકુરદ કેરી વેચાય છે. તેને મુસરદ, નીલમ અને બાલઆંબુ તરીકે પણ ઓળખવામાં આવે છે. એપ્રિલ મહિનાની શરૂઆતમાં જ તે બજારોમાં આવી જાય છે. ગોવામાં મળતી મનકુરદ કેરીની અહીના સ્થાનિકો ચટની, હલવો અને જામ જેવી ચીજવસ્તુઓ પણ બનાવે છે.

● પશ્ચિમ બંગાળમાં કિશનભોગ કેરીની બોલબાલા

કિશનભોગ કેરી આકારમાં ગોળ અને સ્વાદમાં મીઠી હોય છે. પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં તેનુ ઉત્પાદન થાય છે.

● આંધ્રપ્રદેશની બંગનપલ્લી કેરી

આંધ્રપ્રદેશના કુરનૂર જિલ્લામાં બંગનપલ્લીના શાહી પરિવારે આ કેરીનો પહેલ વહેલો પરિચય કરાવ્યો હોવાથી તે બંગનપલ્લીના નામે ઓળખાય છે. આ કેરીને જીઓ ટેગ પણ પ્રાપ્ત થયુ છે જે તેની ખાસ વિશેષતા દર્શાવે છે.